# દેશમાં એક જ દિવસમાં ૭૦ હજાર કેસ

## ઑગસ્ટ માસમાં જ દેશમાં ૨૦ લાખ કેસ નોંધાયા : દેશમાં કુલ કોરોનાના કેસ વધીને ૩૭ લાખની નજીક, મૃત્યુઆંક ૬૫ હજારને,દેશમાં કોવિડ-૧૯થી મૃત્યુદર ઘટીને ૧.૭૭% થયો

ન્યુ દિલ્હી,તા.૧

છેલ્લા કેટલાક દિવસથી કોરોનાના કેસ સતત વધતા જોવા મળી રહ્યાં હતાં તેમાં આજે થોડો ઘટાડો નોંધાયો છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે જાહેર કરેલા આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોના વાયરસના ૬૯,૯૨૧ નવા દર્દીઓ નોંધાયા છે. આ સાથે જ કોરોનાના કેસનો કુલ આંકડો ૩૬,૯૧,૧૬૭ પર પહોંચી ગયો છે. જેમાંથી ૭,૮૫,૯૯૬ દર્દીઓ હજુ પણ સારવાર હેઠળ છે. જ્યારે ૨૮,૩૯,૮૮૩ લોકો કોરોનાને માત આપીને સાજા થયા છે. કોરોનાએ એક જ દિવસમાં ૮૧૯ લોકોનો ભોગ લીધો. દેશમાં કોરોનાથી મૃત્યુનો કુલ આંકડો ૬૫,૨૮૮ થયો છે.

૨૯ ઓગસ્ટના રોજ કોરોના વાયરસના રેકોર્ડબ્રેક ૭૮,૭૬૧ નવા કેસ નોંધાયા હતાં. જો કે રાહતની વાત એ છે કે મૃત્યુદર અને એક્ટિવ કેસ રેટમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. મૃત્યુદર ઘટીને ૧.૭૮ થઈ ગયો. આ ઉપરાંત એક્ટિવ કેસ કે જેમની સારવાર ચાલુ છે તેમનો દર પણ ઘટીને ૨૨ ટકા થયો છે. રિકવરી રેટ એટલે કે સાજા થવાનો દર ૭૭% થયો છે. ભારતમાં રિકવરી રેટ સતત વધી રહ્યો છે.

આંકડા મુજબ દેશમાં એક્ટિવ કેસ મામલે ટોપ પર મહારાષ્ટ્ર રાજ્ય છે. ત્યારબાદ તામિલનાડુ, ત્રીજા નંબરે દિલ્હી, ચોથા નંબરે ગુજરાત અને પાંચમા નંબરે પશ્ચિમ બંગાળ છે. આ પાંચ રાજ્યોમાં સૌથી વધુ એક્ટિવ કેસ છે. એક્ટિવ કેસ મામલે દુનિયામાં ભારતનું ત્રીજુ સ્થાન છે.

કોરોના સંક્રમિતો અને મોતની સંખ્યા જોઈએ તો ભારત દુનિયાનો ત્રીજો સૌથી વધુ પ્રભાવિત દેશ છે. અમેરિકા અને બ્રાઝિલ બાદ કોરોનાથી સૌથી વધુ પ્રભાવિત દેશ ભારત છે.

ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ પ્રમાણે, ૩૧ ઓગસ્ટ સુધી કોરોના વાઈરસના કુલ ૪,૩૩,૨૪,૮૩૪ સેમ્પલ ટેસ્ટ કરવામાં આવ્યા છે. જેમાંથી ૧૦,૧૬,૯૨૦ કોરોના ટેસ્ટિંગ ગઈકાલે જ કરવામાં આવ્યા હતા.

### કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૨૫૭૧૪૨૯૩ | ૮૫૬૧૭૪ | ૧૮૦૧૨૪૦૮ |
| ભારત | ૩૭૪૦૫૦૮ | ૬૬૦૭૦ | ૨૮૭૮૭૮૮ |
| ગુજરાત | ૯૭૭૪૫ | ૩૦૩૬ | ૭૯૦૧૩ |
| ગાંધીનગર | ૨૫૦૫ | ૧૩૮ | ૨૦૪૬ |

# રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૩૧૦ કેસ

## અત્યાર સુધીમાં કુલ ૭૮૯૧૩ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા હતા જ્યારે ૩૦૩૬ લોકોનાં કોરોનાથી મૃત્યુ થયા

ગાંધીનગર,તા.૦૧

રાજ્યમાં ૨૪ કલાકમાં કોરોના ૭૮૦૭૦ ટેસ્ટ કરવામાં આવતા ૧૩૧૦ પોઝિટિવ કેસ નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૯૭ હજારને પાર થઈ ૯૭૭૪૫ થયો છે. રાજ્યમાં આજે કોરોનાને લીધે ૧૪ દર્દીના મોત થતા કુલ મૃત્યુઆંક ૩૦૩૬ થયો છે. રાજ્યમાં આજે ૧૧૩૧ દર્દીને ડિસ્ચાર્જ કરાતા કુલ ડિસ્ચાર્જનો આંકડો ૭૮ હજારને પાર થઈ ૭૮૯૧૩ થયો છે. રાજ્યમાં કુલ એક્ટિવ કેસ ૧૫૭૯૬ આજની સ્થિતિએ છે જેમાં ૯૨ વેન્ટીલેટર પર અને ૧૫૭૦૪ સ્ટેબલ છે.

રાજ્યમાં અનલોક-૪ના પ્રથમ દિવસે કોરોના એ વિકરાળ સ્વરુપ બતાવતા કોરોના પોઝીટીવનો આંકડો ૧૩૦૦ને પાર ગયો છે.રાજ્યમાં આજરોજ કોવિડ-૧૯ના કારણે કુલ ૧૪ દર્દીના મોત થયા છે.

જેમાં અમદાવાદ શહેરમાં ૪, સુરત શહેરમાં ૪ અને ગ્રામ્યમાં૨, ગીર સોમનાથમાં ૧, જામનગરમાં ૧, વડોદરા શહેરમાં૧ અને ગ્રામ્યમાં૧ મોત કોરોનાને લીધે નોંધાયા છે. અમદાવાદ શહેરમાં ૧૪૫ અને જિલ્લા ૧૪ સાથે ૧૫૯ કેસ કોરોનાના નોંધાતા કુલ સંક્રમિતનો આંકડો ૩૧૬૭૮ થયો છે. આજે ૪ મોત નોંધાતા મૃત્યુઆંક ૧૭૨૦ થયો છે. સુરત શહેરમાં ૧૭૪ અને જિલ્લામાં ૧૧૫ સાથે ૨૮૯ કેસ કોરોનાના આજે નોંધાયા છે. આ સાથે સુરતમાં કુલ સંક્રમિતનો આંકડો ૨૦૯૫૭ થયો છે. સુરત શહેરમાં આજે ૬ ના મોત થયા છે.

વડોદરા શહેરમાં ૮૫ અને જિલ્લામાં ૩૬ સાથે કુલ ૧૨૧ કેસ નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૮૩૧૮ થયો છે. આજે વધુ ૧ મોત સાથે મૃત્યુઆંક કુલ ૧૩૨ થયો છે. રાજકોટ શહેરમાં ૮૯ અને જિલ્લામાં ૩૬ સાથે ૧૨૫ કેસ નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૪૯૨૭ થયો છે. જામનગર શહેરમાં ૯૭ અને જિલ્લામાં ૧૬ સાથે ૧૧૩ કેસ નોંધાયા છે. આજે વધુ ૧ મોત કોરોનાના કારણે થયા છે.

# ભાજપ પ્રદેશ પ્રમુખની મુલાકાતને લઈ પાલનપુર પાલિકા તંત્ર જાગ્યુ

## વરસાદના કારણે પડેલા ખાડા પુરવાની પાલિકાએ શરૂઆત કરી

ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલની પાલનપુરની મુલાકાતને લઈ પાલનપુર નગરપાલિકા દ્વારા શહેરમાં વરસાદના કારણે પડેલા ખાડાને પૂરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

રજૂઆતો કરવામાં આવી હતી.તેમ છતા પાલિકાના સત્તાધિસોના પેટનુ પાણી પણ હલતુ ન હતુ.અને આંખ આડા કાન કરવામાં આવતા હતા.હવે ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ પાલનપુરની મુલાકાતે આવવાના છે.ત્યારે ૩ આવી છે.જોકે છેલ્લા છ માસથી રહીશો દ્વારા પાલિકાના સત્તાધીશોને ખાડા પુરવા તેમજ રસ્તાઓનું સમારકામ કરવા માટે રજૂઆત કરવામાં આવતી હતી.પરંતુ પાલિકા દ્વારા નક્કર કામગીરી કરવામાં આવતી ન



છેલ્લા છ માસથી પાલનપુર શહેર ખાડાઓથી વાહન ચાલકો તેમજ લોકો પરેશાન છે.જેના પગલે પાલનપુર શહેરના લોકો દ્વારા અવાર-નવાર પાલિકાના સત્તાધીશોને ખાડા પુરવા માટે તારીખે ભાજપ પ્રદેશ પ્રમુખની મુલાકાતને લઈ પાલનપુર નગરપાલિકા ઘોર નિંદ્રામાંથી જાગ્યુ છે.અને પ્રદેશ પ્રમુખના અવર-જવરના રૂટ પર ખાડા પુરવાની કામગીરી શરૂ કરવામાં હતી.પરંતુ પ્રદેશ પ્રમુખને શહેર સારૂ બતાવવા માટે ખાડા પુરી પ્રદેશ પ્રમુખ સમક્ષ પાલિકા પોતાની છબી સારી બતાવવાના પ્રયત્નો હાથ ધરવામાં આવતા લોકોમાં ચર્ચા સ્પદ બન્યુ છે.

# ગુજરાતમાં વરસાદ ઘટશે

ગાંધીનગર,તા.૦૧

રાહત કમિશનર અને અધિક સચિવ હર્ષદ આર. પટેલના અધ્યક્ષ સ્થાને વેધર વોચ ગૃપનો વેબીનાર આજે ગાંધીનગર ખાતેથી યોજવામાં આવ્યો હતો. હાલમાં કોઈ નોંધપાત્ર સાયકલોનિક સિસ્ટમ સક્રીય ન હોવાથી હવે ગુજરાતમાં વરસાદ ઓછો થવાની પુરી શકયતા છે, સાથે સાથે રાજ્યમાં આગામી દિવસોમાં વરસાદનું જોર ઘટશે તેવી શક્યતા પણ હવામાન વિભાગે દર્શાવી છે. વેધર વોચ ગૃપનો વેબીનાર બાદ સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર ખાતે મિડીયાને વિગતો આપતા રાહત કમિશનર હર્ષદ પટેલે જણાવ્યુ કે, આજે સવારે ૬.૦૦ થી બપોરના ૧૬.૦૦ સુધી ૧૭ તાલુકાઓમાં ૧ મીમી થી લઇ ૩૧ મીમી સુધી વરસાદ નોધાયો છે. જેમાં બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ તાલુકામાં સૌથી વધુ ૩૧ મીમી વરસાદ વરસ્યો છે. રાજયમાં અત્યાર સુધી તા.૧/૦૯/૨૦૨૦ અંતિત ૧૦૦૪.૭૬ મીમી વરસાદ પડ્યો છે. જે પાછલા ત્રીસ વર્ષની રાજયની એવરેજ ૮૩૧ મીમી ની સરખામણીએ ૧૨૦.૯૧% છે. પટેલે કહ્યુ કે,આઈએમડીના અધિકારીશ્રી દ્વારા આ બેઠકમાં જણાવાયુ છે કે, હાલમાં કોઈ નોંધનીય સાયક્લોનિક સિસ્ટમ સક્રીય ન હોઈ ગુજરાતમાં વરસાદ ઓછો થવાની પુરેપુરી શકયતા છે. તા.૪ સપ્ટેમ્બરના રોજ સાયકલોનીક સરકયુલેશન સેન્ટ્રલ રાજસ્થાન તરફ હોવાના કારણે ઉત્તર ગુજરાતના કેટલાક ભાગમાં સામાન્ય વરસાદ થઈ શકે છે. તે સિવાય ગુજરાતના અન્ય સ્થળોએ આગામી દિવસોમાં વરસાદ થવાની શકયતા નહિવત છે. બેઠકમાં કૃષિ વિભાગ દ્વારા જણાવાયું હતું કે, રાજ્યમાં ચાલુ વર્ષે તા.૩૧/૦૮/૨૦૨૦ સુધીમાં અંદાજીત ૮૪.૪૮ લાખ હેક્ટર ખરીફ પાકોનું વાવેતર થયુ છે. જે ગત વર્ષે સમાન સમયગાળા દરમ્યાન ૮૨.૮૦ લાખ હેક્ટર વાવેતર થયુ હતું. આ વર્ષે છેલ્લા ત્રણ વર્ષની સરેરાશ વાવેતર વિસ્તારની સામે ૯૯.૫૧ ટકા વાવેતર થયુ છે. વરસાદને કારણે રાજયનાં ૧૫ જેટલા જિલ્લાઓમાં પાક નુકશાની અંગેના સર્વેની કામગીરી ચાલી રહી છે. સિંચાઇ વિભાગ દ્વારા આ બેઠકમાં જણાવાયું હતું કે, ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર જળાશયમાં ૨,૭૧,૬૦૮ એમ.સી.એફ.ટી પાણીનો સંગ્રહ થયો છે. જે કુલ સંગ્રહ શકિતના ૮૧.૩૦ ટકા છે.



ગાંધીનગરના વસાહતીઓ હવે ટ્રાફિક સિગ્નલથી ટેવાઈ ગયા છે. મુખ્ય માર્ગો પર મોટા ભાગના સર્કલો પર સિગ્નલ મુકાયા છે. જો કે છેલ્લા કેટલાક દિવસથી સતત વરસાદ પડતાં શહેરના કેટલાક ટ્રાફિક સિગ્નલમાં ખામી સર્જાઈ છે. ઉઘાડ નીકળતા આ ટ્રાફિક સિગ્નલનું રીપેરીંગ કાર્ય શરૂ કરાયું છે. રીપેરીંગ કાર્ય શરૂ થતાં ટ્રાફિક સિગ્નલ પર ટ્રાફિકના જવાનોએ ટ્રાફિક મેઈન્ટેન કર્યો હતો.

# નળસરોવરમાં નવા નીર આવતા ફરી છલોછલ

અમદાવાદ,તા.૧

અમદાવાદની નજીક આવેલા પર્યટન સ્થળ એવા નળસરોવરમાં નવા નીરની આવક થઈ છે. ડિસેમ્બર ૨૦૧૮માં સંપૂર્ણ સુકાઈ ગયેલા નળ સરોવરમાં વરસાદ બાદ પાણીની આવક થતા છલોછલ થયું છે. આ સરોવર યુનેસ્કો દ્વારા જાહેર કરાયેલ ગુજરાતની એકમાત્ર રામસર સાઈટ છે અને આંતરરાષ્ટ્રીય મહત્વ પણ ધરાવે છે. નળ સરોવરમાં અંદાજે ૧૦ ફૂટ જેટલા પાણીનો ભરાયા છે. સરોવર માટેના અપ્રોચ રોડ પણ ૭ ફૂટ પાણીમાં ગરકાવ થઈ ગયા છે. ભારે વરસાદના કારણે તળાવમાં આ સતત બીજા વર્ષે પાણીની ભારે આવક થઈ છે. સુરેન્દ્રનગરમાં ભારે વરસાદના કારણે અહીં નવા નીર આવ્યા




હતા. સીનિયર ફોરેસ્ટ અધિકારીએ જણાવ્યું કે, સામાન્ય રીતે અહીં વરસાદની શરૂઆત કે ઓગસ્ટમાં વિદેશી પક્ષીઓ આવવાનું શરૂ થઈ જાય છે. પરંતુ આ વર્ષે માત્ર અમુક જ આવ્યા છે. અધિકારીઓને ચિંતા છે કે કેચમેન્ટમાં ભારે વરસાદના પગલે રસ્તાઓ પર પાણી ભરાઈ શકે છે. અધિકારીએ કહ્યું કે, સારસને પણ નળસરોવર કે નજીકના વિસ્તારની મુલાકાત લેવામાં એક મહિનાનો સમય લાગી શકે છે. હાલમાં નળસરોવરમાં પાણીની સારી એવી આવક થઈ છે.

ફ્લેમિંગો સામાન્ય રીતે નવેમ્બરના અંતમાં આવવાનું શરૂ કરે છે, પરંતુ આ વર્ષે તેઓ જાન્યુઆરીના અંતમાં આવે તેમ લાગી રહ્યું છે. વિદેશી પક્ષીઓને પાણીનું સ્તર ૩ ફૂટ જેટલું હોય તે વધારે માફક આવે છે. અધિકારીએ કહ્યું કે, ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટના અભ્યાસમાં ધ્યાને આવ્યું છે કે ભોગાનો નદી તથા અન્ય કેનાલોમાં છોડાયેલા નર્મદાનું પાણી નાની-નાની શાખાઓ દ્વારા નળસરોવરમાં પહોંચે છે, આમ તેના પાણીના સ્તરમાં વધારો થયો છે.

# આસોપાલવ શો રૂમના નવ કર્મચારી કોરોના પોઝિટિવ

અમદાવાદ,તા.૧

કોરોનાના કેસ દિવસેને દિવસે વધી રહ્યા છે, ત્યારે કોરોનાનું સંક્રમણ ઓછું કરવા માટે અમદાવાદ મહાનગરપાલિકાની ટીમ દ્વારા કોવિડ-૧૯ ટેસ્ટિંગ માટે એક ખાસ ડ્રાઈવ હાથ ધરવામાં આવી છે. જેમાં નેહરુ બ્રિજ અને શિવરંજની પાસે આવેલા અને સાડી-ડ્રેસ માટે જાણીતા શો રૂમ આસોપાલવના ઓછામાં ઓછા નવ કર્મચારીઓનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. અમદાવાદ મહાનગર પાલિકાના અધિકારીઓએ કહ્યું કે, વાયરસને ફેલાતો રોકવા માટેની ડ્રાઈવના ભાગરૂપે તેમણે તેવી જગ્યાના સ્ટાફનું ચેકિંગ કર્યું હતું, જ્યાં લોકો સૌથી વધારે ભેગા થાય છે. આ ચેકિંગ દરમિયાન આસોપાલવના બે શો રૂમના નવ કર્મચારીઓને કોવિડ-૧૯ હોવાનું સામે આવ્યું છે. એએમસીએ કહ્યું કે, આ કર્મચારીઓને તાત્કાલિક સારવાર આપવામાં આવી છે અને તેમને કોવિડ કેર સેન્ટર્સ તેમજ હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા છે. આરોગ્ય અધિકારીઓએ કહ્યું કે, મુલાકાતીઓ સુરક્ષિત રહે તેની ખાતરી કરવા માટે શો રૂમ અને મોલમાં ચેકિંગ યથાવત્ રખાશે.

### સંયુક્ત સચિવ... ● છેલ્લા પાનાનું ચાલુ

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ બાસણ ગામમાં રહેતા અને ડ્રાયવર તરીકે નોકરી કરતા એક ૩૫ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

વિજાપુર તાલુકાના લાડોલ ગામના પ્રા.આ. કેન્દ્રમાં લેબ. ટેકનીશ્યન તરીકે ફરજો બજાવતી અને સે. ૭ માં રહેતી ૪૧ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીને સારવાર માટે અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

સે. ૩ માંથી એક ૬૨ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલાને ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે. તંત્રએ તેણીનીના પરિવારના ૩ સભ્યોને ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૨૪ માં રહી અને અભ્યાસ કરતા એક વિદ્યાર્થીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ વિદ્યાર્થીને પણ સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે.

સે. ૨ માં રહેતા અને સે. ૪ માં પાર્લરનો ધંધો કરતા એક ૫૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ વેપારીને પણ સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવ્યા છે. તંત્રએ વેપારીના પરિવારના પાંચ સભ્યોને ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૨૬ માંથી એક ૩૧ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલાને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરી તંત્રએ મહિલાના પરિવારના પાંચ સભ્યોને ક્વોરોન્ટાઈન કર્યા છે.

ગાંધીનગરમાં નવવિકસીત સે. ૧૨માંથી આજે ૩ કેસ કોરોનાના મળી આવતાં તંત્રની ચિંતામાં વધારો થયો છે.

રાજ્યના મુખ્યમંત્રીના કાર્યાલયમાં સંયુક્ત સચિવ તરીકે ફરજો બજાવતા અને સે. ૧૨માં રહેતા અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ તેમના પરિવારના ૪ સભ્યોને ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૧૨માં રહેતા અને સ્વરોજગારી મેળવતા એક ૩૮ વર્ષીય યુવકનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. આ યુવકે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૧૨માં રહેતી એક ૬૪ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૫ માંથી પણ આજે એક સાથે ૩ કેસ નોંધાયા છે. તંત્રએ આ સેક્ટરમાં સઘન સર્વેલન્સ માટેની સૂચનાઓ આપી છે.

જી.એન.એફ.સી.ની અમદાવાદ સ્થિત કચેરીમાં ફરજો બજાવતા એક ૩૬ વર્ષીય કર્મયોગી જે સે. ૫ માં રહે છે તેનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ કર્મયોગીને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે.

સે. ૫ માંથી એક ૪૯ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. તેણીનીને પણ સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે.

સે. ૫ માં રહેતા એક નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે અને તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

સે. ૨૦ માં આવેલ ચિલ્ડ્રન યુનિ.ના ઉપકુલપતિનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે આશ્કા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ઉપકુલપતિનો રિપોર્ટ પોઝીટીવ આવતાં શિક્ષણ જગતના વર્તુળોમાં સન્નાટો પ્રસરી જવા પામ્યો છે.

શહેરમાં નોંધાયેલા કેસો પૈકી આજે વધુ ૧૩ દર્દીઓને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં કેસોની સંખ્યા વધતાં તંત્રની ચિંતામાં વધારો થયો છે પણ રિકવરી રેટ સારો હોવાથી તંત્રને રાહત છે.

મનપાના તંત્રમાંથી મળતી વિગતો પ્રમાણે આજે ૩૦૦ લોકોના ટેસ્ટ કરવામાં આવ્યા હતા. શહેરમાં આજે ૬૨ લોકો હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે.

### ગ્રામ્ય વિસ્તાર... ● છેલ્લા પાનાનું ચાલુ

પુરૂષ, પ્રાંતિયામાંથી ૫૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

જિલ્લામાં પ્રવાસન સ્થળ તરીકે રાજ્યભરમાં પ્રસિદ્ધ અને કોરોના માટે હોટસ્પોટ બનેલ અડાલજમાંથી આજે બે કેસ મળી આવ્યા છે. અડાલજમાંથી ૫૨ વર્ષીય પુરૂષ અને ૧૮ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. રાયસણ ગામેથી પણ આજે બે કેસ મળી આવ્યા છે. જેમાં ૫૭ વર્ષીય પુરૂષ અને ૪૯ વર્ષીય પુરૂષનો સમાવેશ થાય છે.

પેથાપુરમાંથી પણ આજે બે કેસ મળી આવ્યા છે. જેમાં એક ૬૯ વર્ષીય પુરૂષ અને ૨૦ વર્ષની દિકરીનો સમાવેશ થાય છે. પોરમાંથી ૪૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સરગાસણમાંથી ૬૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. વલાદમાંથી એક ૩૦ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કુડાસણમાંથી એક ૪૯ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

દહેગામ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે વધુ ૩ કેસ મળી આવ્યા છે.

બહિયલમાંથી ૨૨ વર્ષીય યુવાન, જાંકમાંથી ૩૦ વર્ષીય યુવાન અને નાંદોલમાંથી ૩૩ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ગ્રામ્ય વિસ્તારમાં તંત્રએ સઘન સર્વેલન્સની કડક સૂચનાઓ આપી છે.

માણસા તાલુકાના ધોળાકુવા ગામેથી ૭૦ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તો કલોલ તાલુકાના કરોલી ગામેથી એક ૬૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

જિલ્લામાં આજે ૧૭૦૭૫ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

### નવાં કલેવર ● ચોથા પાનાનું ચાલુ

'હાં, એ મને બોલાવતા હતાં પણ મારી જાય બલારાત મૂળાના વિચારમાં જ મને સપનું આવેલું.'

'લે, હાલ તારી ભાભીએ ચ્હા મુકી છે. તું આવ એટલે...' કહી પ્રવિણ ઓરડીની બહાર નીકળ્યો.

'ભલે' તે બેઠી થઈ અને ગંધાતી ગોદડીને એક ખૂણામાં નાંખી ઓરડીની બહાર નીકળી, બહાર વરસાદ વરસતો હતો,

આજના જમાનામાં પતિપત્નીના સંબંધો શું આવા પણ હોતા હશે?

### ચોમાસા બાદ... ● છેલ્લા પાનાનું ચાલુ

ખાડા ટેકરા થયા છે.જેને અનુલક્ષી તંત્ર દ્વારા પણ આ વિસ્તારમાં વરસાદના અંતે ખોદાણ કરીને ભૌગોલિક સ્થિતિનુ યોગ્ય નિરિક્ષણ કરવામાં આવશે ત્યારબાદ વરસાદી દિવસોના અંતે માર્ગની સરફેસ યોગ્ય કરવા માટે પણ કામગીરી હાથ ધરાશે. હાલ વરસાદી દિવસોમાં આ માર્ગની દશા વધુ ખરાબ થઈ છે. જેના લીધે માર્ગ પર અવરજવર કરવાનુ પણ મુશ્કેલ બન્યુ છે. મોટા ખાડાઓ પડવાની સાથે આ માર્ગ ઉબડ ખાબડ બન્યો છે. શહેર તેમજ આસપાસના વિસ્તાર સહીત અન્ય જિલ્લાને જોડતા માર્ગોની પણ દશા બેઠી છે. જિલ્લાને જોડતા અન્ય ૨૦ જેટલા માર્ગોનુ પણ છેલ્લા કેટલાક સમયથી સમારકામ કરવામાં આવી રહ્યુ છે જો કે મોટાભાગના માર્ગોનુ છેલ્લા પાંચ થી છ વર્ષથી પેવરકામ કરાયુ નથી.